# <u>સકસેસ સ્ટોરી (૨)</u>

**<u>કેસ નં.૩૭૪/૨૦૦૯</u>**

અરજદારઃ શ્રી અરવિંદકુમાર કેશવલાલ મકવાણા, ભાવનગર

વિ.

પ્રતિવાદીઃ મધ્ય ગુજરાત વીજ કંપની લિમીટેડ, વડોદરા

અરજદારશ્રી પ્રતિવાદી સંસ્થામાં વિદ્યુત સહાયક હેલ્પર તરીકે ૨૦૦૬ થી ફરજ બજાવતા હતા. સંસ્થાના સેવાકાળ દરમ્યાન તા.૪/૭/૨૦૦૭ ના રોજ વિદ્યુતના થાંભલા ઉપર ચડીને ફરજ બજાવતા અકસ્માતે વિદ્યુત પ્રવાહ તેમના શરીરે આવેલ અને થાંભલા ઉપરથી નીચે પડી જતાં તેઓ ૭૫% શારીરિક વિકલાંગ થયેલ. શારીરિક વિકલાંગ થતાં પ્રતિવાદીએ ફરજ માટે તેઓ યોગ્ય નથી એમ કહીને તા.૫/૨/૦૯ ના રોજથી પગાર બંધ કરીને નોકરીમાંથી છુટા કરેલ.

અરજદારશ્રીએ વિકલાંગ ધારા, ૧૯૯૫ ની જાણકારી હોવાથી વિકલાંગ ધારાની કલમ–૨(એ), ૪૭, ૬૧, ૬૨ અને ૬૩ હેઠળ ન્યાય મેળવવા માટે આ કોર્ટ પાસે દાદ માંગતા કેસનં.૩૭૪/૦૯ દાખલ કરેલ.

બંને પક્ષકારોની હાજરીમાં કમિશ્નરશ્રીએ સદરહુ કેસની સુનાવણી હાથ ધરેલ. સુનાવણીમાં કમિશ્નરશ્રીએ અરજદારની વિકલાંગતાને અનુકુળ હોય તેવી જગ્યા સામે રહેમરાહે નોકરી આપી ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂં પાડી નોકરીદાતા અને નોકરી કરનાર તે એક અવિભાજય અંગ છે તે સાબીત કરવું જોઈએ તેવું અવલોકન કરેલું અને અરજદારને પ્રતિવાદી પક્ષ દવારા નોકરી આપે તે પ્રમાણે કાર્યવાહી કરીને અરજદારને રહેમરાહે નોકરી આપવા જણાવવામાં આવેલ.

તે ચુકાદા અન્વયે પ્રતિવાદી પક્ષ દવારા અરજદારને નોકરીમાં સમાવીને તેમને મળવાપાત્ર તમામ લાભો અરજદારને આપેલ.

આમ આ કોર્ટ દવારા આ કિસ્સામાં સેવાકાળ દરમ્યાન વિકલાંગ થયેલ કર્મચારીને વિકલાંગ ધારા હેઠળ ન્યાય અપાવેલ છે.